# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦　અંક : ૨૬૦



પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

જય જિનેન્દ્ર

ઉનાળાની શરૂઆત સાથે સાથે વિદ્યાર્થીઓની પરિક્ષાઓ પણ પૂર્ણ થયેલ હશે.

ફળોના રાજા આંબાની હવે મોસમ છે – ઉપયોગ કરો અને તંદુરસ્તી વધારો.

આ સાલ હવામાન વિભાગની આગાહી મુજબ ગરમી સખત રહેવાની શક્યતા છે. આ ગરમીથી બચવા જરૂરી છે કે આપણે વધારેમાં વધારે પ્રવાહી લઈએ અને ખુલ્લા સુરજના તાપથી શક્ય તેટલા બચીએ.

ઉનાળાની રજાઓ શરૂ થતા, મને વિશ્વાસ છે કે બાળકો તેનો પુરેપુરો લાભ લેશે અને આનંદમાં ગાળશે. બાળકોને મારું સૂચન છે કે તેઓ વધારેમાં વધારે, Activities કરે, સારું વાંચન કરે અને પોતાનો અનુભવ તથા જ્ઞાન વધારે તેમજ પોતાની પર્સનાલીટી Develop કરે જે ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષા માટે કે સારી જોબ મેળવવા મદદરૂપ થશે.



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- તા. ૩૦–૩–૨૦૧૭ના કારોબારી સભ્યોની એક સભા કચ્છી ભવનમાં રાખવામાં આવી હતી.
- તા.૮–૩–૨૦૧૭ના ભવનમાં મહિલા સમિતિ તરફથી ઈન્ટરનેશનલ વુમન્સ ડેના અનુલક્ષમાં મહિલાઓ માટે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- તા.૧૩–૩–૨૦૧૭ના ભવનમાં શાંતિવન સમિતિ દ્વારા એક અંતાક્ષરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- મંડળના ત્રણે દવાખાનામાં આપણાં સભ્ય પરિવારો તથા ઈત્તર જ્ઞાતિના લોકો પણ સારો લાભ લઈ રહ્યા છે.

હિસાબી વર્ષ ૨૦૧૬–૧૭–૩૧મી માર્ચ ૨૦૧૭ના પુરૂં થયું – આપણા વેપારી ભાઈઓ પોતાના એકાઉન્ટસ ફાઈનલ કરવામાં વ્યસ્ત હશે.

આપણા મંડળની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિના સભ્યોની ચુંટણીઓ આગામી મહિનાઓમાં રહેશે. મંડળમાં પોતાની સેવા આપવા ઈચ્છતા ઉત્સાહી ભાઈ બહેનોને આગળ આવવા આમંત્રણ છે.

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**

## સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

એકાંત. આ શબ્દનો જાણે અંત આવી ગયો છે. કોઈને એની જરૂર નથી. માણસ ને કંઈક નવું કરવા, નવું વિચારવા માટે શાંતિ ને એકાંતની જરૂર હોય છે. પણ તે ક્યાં કોઈની પાસે છે. મંદિર ગુરૂદ્વારા જેવી જગ્યાઓ પર પ્રાર્થના કે માઈકનો ઘોંઘાટ. ઘરમાં વડિલોને પણ હવે શાંતિ નથી. ત્યાં પણ ટી.વી. ચાલુજ છે. કોઈ પણ સમયે જાવ બધાના ઘરે ટી.વી. ચાલુજ હશે. યંગ જનરેશન કે નાના બાળકો તો મોબાઈલમાં વ્યસ્ત છે. ક્યાં છે એકાંત! એકાંત નથી તેથીજ મગજને શાંતિ નથી અને બધા હાઈપર થઈ ગયા છે. ઓવર એક્ટીવ થઈ ગયા છે કે પછી કહી શકાય કે રેસ્ટલેસ થયા છે. હવે લોકો વિચારે છે તો ઓછું જ પણ સાંભળે છે પણ ઓછું, ફક્ત આંખનોજ ઉપયોગ કરે છે, દિમાગને તો જાણે તાળુંજ લાગી ગયું છે, કહી શકાય કે પ્રેક્ટીકલ થઈ ગયા છે.

આ એકાંતનો જો ઉપયોગ થાય તો બધી વાતનો અંત આવી જાય. પરેશાનીઓનો પોતાની મેળેજ નિરાકરણ થઈ જાય. તો દિવસમાં જરૂર થોડીવારતો એકાંત માણજો અમે તેનો જાદુનો અનુભવ કરશો.

શાંતિ માટે પોતાના મન સાથે ચિંતન મનન કરવા માટે જ્ઞાની પુરૂષો કહી ગયા છે કે ધ્યાન કરો, દિવસમાં કંઈ નહીં તો દસ મિનીટ પણ મેડિટેશન કરતા, મન પ્રફુલિત થઈ જશે, મનને નવું વિચારવા પ્રેરિત કરશે.

## મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન. ૯૦૩૨૭ ૬૭૧૧૧

બુધવાર તા. ૮-૩-૨૦૧૭ના રોજ 'વિશ્વ મહિલા દિવસ નિમિત્તે' મહિલા સમિતિના ઉપક્રમે કચ્છી ભવન મધ્યે એક 'રંગારંગ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં-યોગા સેશન, 'રમત-ગમત' વગેરે કાર્યક્રમો હતા.

૨૫ હજાર રૂપિયા જેટલાના ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. કુલ ૨૭૦ મહિલાઓએ હાજરી આપી હતી. દરેકે ડાન્સ વગેરે કર્યા હતી. સૌએ ખૂબજ આનંદપૂર્વક આ કાર્યક્રમ માણ્યો હતો.




આઈસ્ક્રીમ, કેક સાથે અલ્પાહારનું પણ આયોજન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી દર્શનાબેન સાવલાએ કર્યું હતું જેમને શ્વેતાબેન જાડેજા, કુસુમબેન રાંભીયા, કરિશ્મા મોતા તથા નીશા કાકરેચાએ સહયોગ આપ્યો હતો.

નિર્ણાયક તરીકે શ્રીમતી લતાબેન મોમાયા તથા ભારતીબેન નાગડાએ સેવા આપી હતી.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| સ્વ. તલકશી મેઘજી મારૂ | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | ૧૫૦૦ | ૫ | - | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | – | ૮૦૦ | - | - | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | ૫૦૦ | – | - | - | - |
| શ્રી ભરત એલ. કારીયા | - | ૨૫૧ | - | - | - | - |
| શ્રીમતી રંજનબેન વોરા | - | - | ૧ | - | - | - |
| સ્વ. સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - | - | - |
| સ્વ. ચંદ્રકાંત નાનજી દેઢિયા જન્મ દિવસ નિમિત્તે | | | ૧૦ | | | |
| સચ્ચાઈ માતાની પેડી | | ૨૦૦૦ | | | | |

**છાસ વિતરણ યોજના :** શ્રી ત્રિશલા મંડળ – રૂ. ૮૦૦૦.૦૦, શ્રી કાર્તીક હરિશ ગાલા – રૂ. ૮૦૦૦.૦૦

ઉગાદી પર્વ દિવસથી છાસ વિતરણ યોજના શરૂ થાય છે જેનો નકરો રૂ.૮૦૦૦ એક દિવસનો છે. આ બાબતની વધુ વિગત માટે શ્રી હિતેન સંઘોઈ (ફોન. ૯૮૪૯૧ ૬૪૨૨૧) નો સંપર્ક કરવા વિનંતી.

શ્રી ફ્રેન્ડસ સોસીયલ ગ્રુપ તરફથી રૂ.૨૧૦૦૦.૦૦ શ્રી હરિશચંદ્ર ફાઉન્ડેશન હૈદ્રાબાદ (જેઓ લાવારીશ શબની અંતિમક્રિયા માટે કાર્ય કરે છે) તેઓને અર્પણ કરેલ છે.

વિશેષમાં જણાવવાનું કે માનવમિત્ર સમિતિ–મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટીયર ભાઈ બહેનોના સુંદર કાર્ય માટે તેઓને સર્ટીફિકેટ અર્પણ કરવા તથા શ્રી હરીશચંદ ફાઉન્ડેશન તરફથી બનાવેલ નાની ફિલ્મ પણ બતાવવામાં આવશે. આ સર્વે કાર્યક્રમ તા. ૨૩–૪–૨૦૧૭ રવિવારના સાંજના ૫.૦૦ વાગે થી કચ્છી ભવનમાં રાખવાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત દાન માટે સર્વે દાતાઓનો આભાર.

**પાણી જોઈતું હોય એટલુંજ વાપરો** : **ઘરમાં આપણે ૯ રીતે પાણી બચાવી શકીએ છીએ** ૧) લીકેજ રોકીશું તો મહિને **૧૦૦૦** લિટર પાણી બચશે, ૨) બ્રશ કરતી વખતે નળ બંધ રાખવાથી બચશે **૭૦૦** લિટર, 3) નળ બંધ રાખીને શેવિંગ કરો **૨૦૦** લીટર પાણી બચશે, ૪) શાવરના બદલે બાલ્ટી બચાવી શકે છે ૮૦% ટકા પાણી, ૫) વાસણ માંજતી વખતે દરરોજ બચાવી શકાય છે **૨૦** લિટર પાણી, ૬) વોશિંગ મશિન યોગ્ય ઢબે વાપરવાથી પણ પાણી બચશે, ૭) ટોઈલેટમાં લીકેજ હશે તો પાંચ હજાર લિટર પાણી વેડફાશે, ૮) બાલ્ટીથી કાર ધોવાથી **૧૩૦૦** લિટર પાણી બચશે, ૯) આરઓ મશીનના વેસ્ટ પાણીનો ઉપયોગ કરો

# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711

## Charitable Clinic

### DOCTORS ON PANEL

• ALLOPATHY • HOMEOPATHY • CARDIOLOGIST
• GYNAECOLOGIST • CHILDREN SPECIALIST

**REGISTRATION FEES Rs. 10/- ONLY**
**Including Doctor Consultation & Medicines for 2 Days**

### ALLOPATHY

**Dr. Chandrakant Ranade**
MBBS,
Daily
**9.00 AM to 11.00 AM**
**7.00 PM to 9.00 PM**

### HOMEOPATHY

**Dr. Smt. C. Roshna**
BHMS, DNHE,
Daily
**11.30 AM to 1.30 PM**

### ALLOPATHY

**Dr. K. Devaraj**
MBBS,
Pulmonologist &
General Physician.
**Daily 4.00 PM to 6.00 PM**

## Specialist Doctors

### CARDIOLOGIST

**Dr. PANKAJ JARIWALA**
MD, DNB,
EVERY **FRIDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**8.00 PM to 9.00 PM**
Fees Rs.100/- Per Visit
(Non Refundable)

### GYNAECOLOGIST

**Dr. Anisha Gala**
DGO, DNB,
EVERY
2nd & 4th **THURSDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**3.00 PM to 4.00 PM**
Fees Rs.50/- Per Visit
(Non Refundable)

### CHILDREN SPECIALIST

**Dr. Smt. S.V. Bhole**
MBBS, BCH,
EVERY **SATURDAY**
**9.30 AM to 10.30 AM**
Fees Rs.10/- Per Visit

(જા.પ.)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

કાર્યક્રમોની એક કડી રૂપે સોમવાર તા. ૧૩-૩-૨૦૧૭ ધુળેટીના દિવસે સાંજના ૫.૦૦ વાગ્યાથી કચ્છી ભવનમાં એક ''અનોખી અંતાક્ષરી''નું કાર્યક્રમ સંપન્ન થયેલ. હાજરીબુકમાં હાજરી નોંધાવી ''Food Coupan'' આપવામાં આવેલ. ૨૦-૨૦ જણાના ગ્રુપ કરી પ્રત્યેક ગ્રુપને લાલ, લીલા એમ વિવિધ રંગોના નામો આપવામાં આવેલ તથા જે ગ્રુપમાં નંબર લાગે તે મુજબ ગ્રુપના રંગનો ગુલાલ લગાડવામાં આવેલ. સભાસદોને આવકાર આપવામાં આવેલ સાથી કાર્યકર્તાઓના સુંદર કાર્ય માટે કવિતા રૂપે ધન્યવાદ આપેલ. સંચાલક તથા ગ્રૂપ લીડરોને અનોખી વેશભુષામાં શણગારવામાં આવેલ, તાળીઓના ગડગડાટ સાથે બધાએ પ્રવેશદ્વારથી પ્રવેશ કરી પોતાનું સ્થાન ગ્રહણ કરેલ. વિવિધ રમતોથી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ, કાર્યક્રમ પછી વિજયી ટીમ જાહેર કરવામાં આવેલ. કાર્યક્રમનો પ્રતિભાવ સભાસદો પાસેથી લેવામાં આવેલ. કાર્યક્રમના સહાયક દાતા મેસર્સ શાન્તી સિલેક્શનના શ્રી રાજુભાઇ પટેલનું મોમેન્ટો દ્વારા શ્રીમતી લતાબેન મોમાયાએ સન્માન કરેલ. ઈનામ વિતરણ તથા ગ્રુપ ફોટોની મજા માણી સહુ કોઈએ અલ્પાહારને માન આપેલ સાથે કુલ્ફીનો અસ્વાદ લેતા લેતા એક સુંદર કાર્યક્રમના આયોજન માટે પ્રસન્નતા વ્યક્ત કરતા કરતા સહુ કોઈ છુટા પડયા.

કાર્યક્રમમાં લગભગ ૨૦૦ સભાસદોએ હાજરી નોંધાવી. કારોબારી સમિતીના સહમંત્રી શ્રી દિનેશ ગોસર, શ્રી હરીલાલભાઈ સાવલા, શ્રીમતી વાસંતીબેનની સંક્રિય હાજરી માટે ધન્યવાદ તેમજ સજાવટ માટે આકાર ડેકોરેટરના શ્રીમતી ભારતીબેન નાગડાનો વિશેષ આભાર જેમણે પોતા તરફથી ડેકોરેશન દ્વારા હોળીનું વાતાવરણ ઉભો કરેલ. જજના કાર્ય માટે શ્રી મનીષભાઈ સાવલાનો આભાર. વિડિયો ક્લીપીંગ માટે શ્રીમતી ડોલી માલદે તથા રોમીલ મોતાનો આભાર, સજાવટ ડ્રેસના સિલાઈ માટે શ્રીમતી એકતા માલદેનો આભાર ફક્ત એક અપીલમાં હાજર રહી આપેલ જવાબદારી સફળતા પૂર્વક પાર પાડનાર શ્રીમતી કાંતા બેન દંડ, રશ્મીબેન લોડાયા, ભારતીબેન ધરોડ, શ્રી સંજય સાવલા, શ્રી અરવિંદભાઈ શાહ તથા દિપક માલદેનું ખૂબ ખૂબ આભાર. છેલ્લે મારા સહકાર્યકર્તાઓને કેમ ભુલું, શ્રી હિતેનભાઈ સંઘોઈ, શ્રી ધીરજભાઈ ધુલ્લા, શ્રી મહેન્દ્રભાઈ વોરા, શ્રીમતી નીતાબેન માલદે, શ્રીમતી દર્શનાબેન દેઢિયાનો આભાર.

કાર્યક્રમમાં કુલ ૯૦ ઈનામો આપવામાં આવ્યા હતા. સભ્યોની ઈચ્છાને ફરમાઇશને માન આપી વહેલી તકે બીજો કાર્યક્રમ તમારી સમક્ષ લઈ હાજર થશું.

---

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **શુભ લગ્ન** | ચિ. હાર્દિક જિતેન અમૃતલાલ ભેદા | સમાઘોઘા | હૈદરાબાદ |
| | ચિ. બિજલ નીતિન વિશનજી હરિયા | શેરડી | હૈદરાબાદ |
| **પુત્રી જન્મ** | અ.સૌ. કિરણ રાહુલ અમરચંદ વોરા | નારાણપુર | હૈદરાબાદ |

### Change of Address

1) **Manilal R. Dharod,** 3-B, Kanak Durga Bhavan, 3-4-255, Kachiguda, Hyd-27
Cell : 9391002669

2) **Ramesh M. Shah,** 3-5-141/E/7/11, Eden Bagh, Geetanjali Complex,
Flat No. 4-D, 3rd Floor, Hyderabad - 500 001.

**શ્રધ્ધાંજલી** સ્વ. શ્રીમતી પ્રભાવતીબેન ચીમનલાલ ગાલા (૬૯ વર્ષ) છસરા, હૈદરાબાદ
અરિહંત શરણ ૫-૪-૨૦૧૭

# ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...

એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫** (જા.ખ.)

# जैन विधिकार + संगीतकार

**देवेंद्रभाई पटणी** : अब हैदराबाद, सिकंद्राबाद वास्तव्य कोईभी पुजन, श्री सिद्धचक्र पुजन, श्री भक्तामर पुजन आदि 100 पुजन है, शुद्ध विधी से संगीत के साथ, मंदिरजी में अठारह अभिषेक, ध्वजा विधी, श्री सत्तर भेदी पुजा, नव्वाणु प्रकारकी पुजा, श्री अंतरायकर्म निवारण पुजा, श्री पंचकल्याणक पुजा, रात्री भावना भक्ति, तपस्या गीत, प्रार्थनाजी गीत, वार्षीक चढावा, बोलीयाँ सभी संगीत प्रोग्राम प्रार्थना

Contact : **94052 50069, 98226 14445** (જા.ખ.)

# जैन विधिकार + संगीतकार

❖ Plot देखना, घरका वास्तु देखना, गृह प्रवेश, वास्तुशांती, वास्तुदोष निवारण करके घर में आकर शांती पुजा, श्री महालक्ष्मी पुजन, श्री पद्मावती पुजन, श्री नाकोडा भैरव पुजन घर में या मंदिर में करना।

❖ जन्म कुंडली देखना, 20 साल का भविष्य लिखकर देंगे । अंक शास्त्र अनुसार कौन से कलर के कपडे पहेनने। कौन से अंक जिवन में वापरना, प्रार्थना संगीत

❖ संपुर्ण जैन विधी से शादी करवाना, शादी में संगीत मायरा, रिसेप्शन में संगीत संध्या Lady Singer के साथ

**देवेंद्रभाई पटणी :94052 50069, 98226 14445** (જા.ખ.)



**ઓફિસ-દુકાન-ઘરમાં નાના-મોટા કારપેન્ટરના કાર્યો કરવા**

**સંપર્ક : સુભાષ કારપેન્ટર (સુતાર)**

**મોબાઈલ : 77940 24280** (જા.ખ.)

# વિવિધા

## ચાલો આપણું લેવલ બદલવાની કોશિષ કરી જોઇએ....

– દિનેશ કલ્યાણજી ગોસર

આજે આપણાં સમાજનો ઘણોજ સારો કાળ ચાલી રહ્યો છે. સર્વત્ર ફીલ ગૂડ ફેક્ટર છે. ૧૦૦ કરોડથી વધારે અસ્કયામતો ધરાવતી પાર્ટીઓ સેંકડોમાં નહીં પરંતુ હજારોમાં હશે. અનુદાનો પણ અપાઈ રહ્યા છે. ધાર્મિક અને સામાજિક સંસ્થાઓની પ્રવૃત્તિઓની ભરમાર ચાલી રહી છે. શિક્ષણનું પ્રમાણ અને સ્તર બંને વધી રહ્યા છે.

અને જ્યારે આવો સમય આવે ત્યારે જ સમય હોય છે. આત્મનિરીક્ષણનો...

❖ શું આપણે આટલેથી સંતુષ્ટ થવાની જરૂર છે ?
❖ શું પૈસાથી બધું આવી જાય છે ?
❖ શું આપણે શ્રીમંતોની સામે મધ્યમ વર્ગના ખાસ કરીને નીચલા મધ્યમવર્ગના કુટુંબોની મોજણી કરી છે?
❖ શું આપણું સમયના વહેણની સાથે વિચારશીલ પરિવર્તન પણ થયું છે ?
❖ શું આપણા યુવાનોમાં ભણતરની સાથે ગણતર આવ્યું છે ?
❖ શું આપણા યુવાનો રાષ્ટ્રના અથવા વિશ્વના શ્રેષ્ઠ માઈન્ડસ સાથે કદમ મિલાવી શકે એવા છે?

આ ક્વાયત એટલા માટે નથી કરવાની કે આપણામાં કંઈ ખુટે છે. અન્ય સમાજોની સરખામણીમાં આપણો સમાજ લગભગ દરેક રીતે અગ્રેસર છે એમાં બે મત નથી. આપણો સમાજ પરિવર્તનને ખૂબજ વાસ્તવિક રીતે સ્વીકારી લે છે. અપનાવી લે છે.

પરંતુ આજનો જમાનો હરીફાઈનો છે. આજે સંતુષ્ઠ થઈને બેસી રહેવું પાલવે નહીં. આપણાં શ્રીમંત વ્યાપારી મિત્રો આ સારી રીતે જાણતા જ હશે. આપણે પણ આપણી આલોચના કરવી રહી અને આપણને લેવલ નેક્સ્ટ પર લઈ જવા પ્રયત્નો કરવા રહ્યા.

લેવલ નેક્સ્ટ પર લઈ જવાનો એક મુખ્ય કારણ કે વજૂદ એ છે કે જ્યારે આપણે આપણાં સમાજના પ્રોટેક્ટીવ વાતાવરણમાંથી બહાર આવીએ, આપણાં કુટુંબના હૂંફના વર્તુળમાંથી બહાર આવીએ ત્યારે આપણી મુલાકાત ક્યારે કેવી રીતે કોની સાથે થશે એ આપણને ખબર નથી. આપણે આવી પડેલ સંજોગ. આપદા કે પરિસ્થિતિનો હલ કેવી રીતે કાઢશું એ માટે તૈયાર થવાનો એક પ્રયાસ છે.

આ પ્રયાસ બધાને માટે છે, પરંતુ યુવાનો માટે ખાસ જરૂરી છે. આ પ્રયત્નોમાં...

❖ કોઈપણ બાબતને એની ફેસ વેલ્યુ પર સ્વીકારતા પહેલા એનું પૃથકરણ કરવું જરૂરી છે. એનું એનાલીસીસ કરવું જરૂરી છે. દરેક વાત દેખાય એટલી સત્ય ન હોઈ શકે. કોઈપણ બાબતનો વિરોધ અથવા સમર્થન કરતા પહેલા આ ખૂબજ જરૂરી છે. સત્ય કદાચ બન્ને પાસાઓથી અલગ પણ હોય. આપની કોઠાસુઝ કેળવો અને એનો લાભ લો.

**Dr. Bijal Popat**
B.D.S. (Dental Surgeon)
**Mob. 7799421119**

**TIMINGS**
10.00 am - 6.00 pm
(Mon - Sat)
11.00 am - 1.00 pm
(Sun- by Appointment)

# BIJAL'S DENTAL CARE

*Spreading Smiles....*

3-4-226/2,3, Lane Beside Venkataramana Theatre,
Opp. Jain mandir, Kachiguda, Hyderabad.

**Over 13 years of Clinical Experience**
**10-20% DISCOUNT ON**
**VARIOUS DENTAL TREATMENTS**
ડૉ. બીજલ પોપટ - ૭૭૯૯૪૨૧૧૧૯
(જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**
Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.
- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**
(જા.ખ.)

# DONATE EYES - LIVE TWICE

*Jayendra Shah*
## SHAH ACCOUNTS
For your Accounts requirements of your shops
Contact Cell No. **09014302524, 09963405000**
(જા.ખ.)

Pick up & Drop

## CHERIAN NATIONAL
**Motor Driving School** (ESTD. 1962)
CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**
(જા.ખ.૬-૨૦૧૬)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

- ❖ પ્રચાર માધ્યમની તાકાત અને તીવ્રતાથી દોરવાઈ ન જાઓ. આજે જમાનો મારકેટીંગનો છે. આજે ઓડવર્ટાઈઝમેન્ટ વાળાઓ કે રાજકારણીઓ પોતાની વાતના પ્રચાર માટે ટી.વી. જેવા માધ્યમનો ઉપયોગ કેવી રીતે કરવો એ બરાબર જાણે છે. ઘણી વખત આ અર્ધ સત્ય અથવા જૂઠાણુ પણ હોઈ શકે. આ તબક્કે તમારે પોતાના વ્યક્તિગત મતથી તપાસો, એને વખતો વખત ચકાસી જુઓ. યુવક/યુવતિઓ માટે એડવર્ટાઈઝમેન્ટ, ફિલ્મો અને સિરિયલના પ્રભાવમાં કેટલું આવવું. આ ફેશનનું સમજણ વગરનું અનુકરણ ક્યારેક અનર્થ નોતરે છે.
- ❖ સારૂં વાંચન કરવું, આ વાત જૂની ફેશન લાગશે પણ જરૂરી છે. આજે વાંચવા માટે ઈ-રીડર પણ ઉપલબ્ધ છે. વાંચન ફક્ત જ્ઞાન વધારે એટલુંજ નહીં પરંતુ તે તમારી કલ્પના શક્તિ ખીલવે છે. તમારી પૃથકરણ કરવાની ટેવ પાડે છે. તર્કબદ્ધ રીતે વિચારવાની શક્તિ ખીલવે છે. આજનો યુવાન જે વાંચનથી વિમુખ છે એ ખરેખર ઘણું બધું ગુમાવી રહ્યો છે.
- ❖ થોડુંક સ્વ માં વસો. આપણે બધા પૈસાની પાછળ દોટ મૂકી રહ્યા છીએ અને એની લાયમાં જ ભાગમભાગ કરી રહ્યા છીએ. પૈસો એ એક ખૂબજ અગત્યનું પરિમાણ છે પરંતુ એને સર્વસ્વ ન બનાવો. જિંદગીનો એક ક્વાલિટી ટાઈમ તમારા પોતાના માટે, વડીલો માટે, પરિવાર માટે, સમાજ અને રાષ્ટ્ર માટે પણ ફાળવો. વડીલો અને પરિવાર માટે આપણે બધીજ સગવડ ઘરમાં કરી આપીએ છીએ પરંતુ એમની સાથે સંવાદ કેટલો થાય છે એ ક્યારેક વિચારીએ. સ્વમાં વસવું તમારા સ્વાસ્થ્ય માટે પણ એટલુંજ જરૂરી છે.
- ❖ ધર્મ અને સામાજિક પરંપરાઓની જાળવણીમાં પ્રમાણભાન રાખીએ, ધર્મનો મર્મ સમજીએ. કર્મની થિયરી સમજીએ. તીર્થંકર પરમાત્માએ સ્વયં ચીંધેલા માર્ગથી હમણાં ઠેર ઠેર ફૂટી નીકળેલી ધર્મની દુકાનોમાં ભટકાઈ કે અટવાઈ ન જઈએ. વધુ પડતો કટ્ટરતાવાદ, ક્રિયાકાંડો, રીતરિવાજો ને ધર્મ માની લઈએ કે અનર્થની આશંકાથી ભોળવાઈ જઈએ એ હિતાવહ નથી. ગ્રહો કે નસીબના દોષો ગણીને દરેક મુશ્કેલી વખતે માથે હાથ રાખીને બેસી રહીએ એના કરતા પુરૂષાર્થથી એની સામે લડી લઈ આપણા ભાગ્યની રેખા બદલવાની કોશિષ કરવી જરૂરી છે.
- ❖ લગ્ન અને અન્ય સમારંભોના ખર્ચમાં પણ પ્રમાણભાન રાખીએ. માન્યુ કે લગ્ન એ એક થનગની રહેલ યુવક-યુવતી માટે સંપૂર્ણ જીવનનો અનમોલ અવસર છે, પણ એનો અતિરેક કરવાથી આપણે માની લઈએ છીએ કે આ પ્રસંગને લોકો વર્ષો વર્ષ યાદ રાખશે એ આપણી ભુલ છે. લોકોની સ્મૃતિઓ બહૂજ ટૂંકી હોય છે. અવસરને આપણાં નજીકના સગા સંબંધીઓ મિત્ર વર્તુળ કે હિતેચ્છુઓની મર્યાદામાંજ નિશ્ચિંત બની માણી શકાય આમંત્રિત પણ એટલા કે આત્મીય લાગે.
- ❖ આપણાં સમાજમાં જ્યારે કોઈ પણ વ્યક્તિ નાની મોટી સિદ્ધિ મેળવે એટલે એનો પહેલો પ્રયાસ પ્રચાર માધ્યમોમાં અભિનંદનની જાહેરાતનો હોય. કોઈકની એક હોય તો કોઈની સંખ્યાબંધ હોય, જેવી જેની પહોંચ, અને ઘણી વખત તો સિદ્ધિ પણ ક્ષુલ્લક હોય છે. એકવાર પ્રશસ્તિ જો આપણા મગજમાં ઘર કરી જાય તો શક્ય છે કે આપણી હજુ આગળ વધવાની આપણી કોશિષ પર અસર આવે અથવા એની જરૂરીયાત પણ ન લાગે.

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

**abha**
be gorgeous

Bridal Pre Bridal Services

by Bhavini Patel

**SALOON & MAKE-UP STUDIO**

**Fresh Batch Starting from 1st March for**

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**



# R.S. BANDHANI HOUSE

***કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં***

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# સ્ત્રી સ્વાતંત્ર ? ઠાલૂ આશ્વાસન

**'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**

વર્તમાન યુગમાં સ્ત્રી પુરૂષની સમોવડી કરતાં પણ આગળ વધી ગઈ છે એ હકીકત છે. દરેક ક્ષેત્રમાં મહિલાની ઉપસ્થિતિ જોવા મળે છે અને તેણી ખૂબજ કાર્યનિષ્ઠ પણ સાબિત થયેલ છે. પુરૂષ કરતાં સ્ત્રીની કાર્યક્ષમતા વધારે છે. એનામાં આત્મવિશ્વાસ વધારે હોતાં એ દરેક જવાબદારી સફળતાથી પાર પાડે છે. દર વરસે વિશ્વ મહિલા દિવસની ઉજવણી થાય છે. હાલમાં વુમનસ ડે વિશ્વ ભરમાં મનાવાયો, છતાં આજ પણ નારીનું શોષણ એ નરી વાસ્તવિકતા છે. ચાર પાંચ વર્ષની બાલિકાથી કરીને ૮૦ વર્ષની વૃદ્ધા પણ સલામત નથી તે કરૂણતા છે. ચાણક્ય વાણીનો એક સુવાક્ય છે, 'પુરૂષ ઘરમાં બેસી રહે એ પનોતી છે, ને સ્ત્રી વધારે ઘરની બહાર રહે તે પતન છે'. કેટલાય વર્ષો પહેલાનો આ સુવાક્ય આજના જમાનામાં પણ બંધબેસતો લાગે છે.

હાલ તો સરકારી ઓફિસોમાં, કોર્પોરેટ ઓફિસો, કોલેજ, સ્કૂલો, હોસ્પીટાલો, બેન્કો, વેપાર, ઉદ્યોગ, હોટેલ જ્યાં નજર કરો, મહિલાની હાજરી ઉડી ને આંખે વળગે છે, પોતાની આવડત ને દિર્ઘ દ્દષ્ટિથી તે પુરૂષ કરતાં વધારે આવક રળી લે છે. તેની વિચાર સરણી પણ સ્વતંત્રાની છે. છતાં એને દરેક જગ્યાએ સમાધાન કરવુંજ પડે છે, ઓફિસોમાં ને જાહેરમાં છેડછાડ એ સામાન્ય બાબત થઈ ગઈ છે. ઉચ્ચ સ્થાનો પામવાની લાયમાં નીચે સ્તરે જવું પડે છે ને મુંગા મોઢે સહન કરે છે. તેણીની મજબૂરીનો ફાયદો ઉઠાવવા ચારે દિશાએ લાલચૂ તૈયાર જ બેઠા છે. બહારના વાતાવરણમાં વધારે રહેવાથી સમય જતાં તે કુટુમ્બથી વિમુખ થતી જાય છે, ઘર અને નોકરી એમ બે ઘોડાપર સવાર આજની નારી માનસિક રીતે ખૂબજ તાણ અનુભવે છે, રૂપિયાની ચમક સામે સંબંધો ફીક્કા લાગે છે. તેથી આપ્તજન સાથે સંબંધોમાં તીરાડો વધતી જાય છે.

રોજરોજના સમાચારોમાં સ્ત્રી પર થતાં અત્યાચારો, બળાત્કાર, ખૂન એ જાણે આમઘટના બની ગઈ છે. હાલમાં જ ગુજરાત સમાચારમાં વાંચેલ કે રાજસ્થાનના અંતરિયાળ કોઈ ગામમાં મંદિર છે જ્યાં સ્ત્રીઓને એના પતિના જોડામાં પ્રસાદ રૂપે પાણી આપવામાં આવે છે તે ત્યાંજ ફરજીયાત પીવું પડે છે. કેટલી અજ્ઞાનતા ને કેવો જુલ્મ ! આવા આવા કુરિવાજો તો આપણા દેશમાં કેટલી જગ્યાએ હશે ભગવાન જાણે ? ક્યાં છે પ્રશાસન! આવા હીન કૃત્યો બેધડક ચાલતા રહે છે, પોલીસ કાયદાની કોઈને બીક નથી, ખૂની આરોપીઓને પણ જામીન મળી જાય છે. ધીમા ન્યાય તંત્રથી બધા વાકેફ જ છીએ, વર્ષોના વર્ષો પછી પણ ન્યાય મળતો નથી, મહિલા સંસ્થાઓ થોડો ઉહાપોહ કરે છે, સમય જતાં બધું ભુલાઈ જાય છે.

હવે તો મહિલાઓ રીક્ષા ને ટેક્ષીઓ ચલાવતી થઈ ગઈ છે, મોટી હોટેલ રેસ્ટોરેન્ટમાં પણ છોકરીઓ કામ કરી રહી છે, સમારંભોમાં વેઈટર તરીકે પણ યુવતિઓ. એક વેપારીના લગ્ન સમારંભમાં જવાનું થયું. પહેલા સાડીઓમાં જોવા મળતી વેઈટર્સ અહીં ટુંકા વસ્ત્રોમાં હતી, ચાર-પાંચ આધેડ વયના મુરબ્બીઓ વેઈટર છોકરી સાથે અણછાજતું વર્તન કરતાં હતા. પેલી મીઠાઈ લાવને, આઈસ્ક્રીમ લાવ ને હલકી ભાષામાં વાત કરી રહ્યા હતાં, ત્યારે ભાઈ તારા ઘરમાં તારી પત્ની, પુત્રી કે પુત્રવધૂ સાથે તું આવું વર્તન કરે છે એમ પુછવાનું મન થયું. પણ યજમાનનો ફજેતો થાય વિચારી અમે ચૂપ રહ્યાને પેલી નિઃસહાય છોકરી મજબૂરીથી પોતાનું કાર્યકરતી રહી.

આપણે પણ હવે આવી બાબતોથી ટેવાઈ ગયા છીએ, ક્યાં રહી હવે આપણી આર્ય સંસ્કૃતિ ? સ્ત્રી દાક્ષિણ્યની ભાવના તો ક્યારની મરી પરવારી, કદાચ ગુલામીનો યુગ હજુ આથમ્યો નથી.

બાકી તો આવી અવદશામાં પણ સ્ત્રીએ સહન કરીને મોઢું હસતું રાખવું પડે છે.


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# दुःख का मूल, भ्रांति (MISUNDERSTANDING)

संकलनः हीरावंती कमलकांत देढिया

आज व्यक्ति को शान्ति न मिलने का एक सबसे बड़ा कारण है भ्रांति ! शांती हमें तभी प्राप्त होगी जब हम भ्रांतियों से दूर होंगे, पूर्वाग्रहों से मूक्त होंगे।

एक रस्सी पडी थी, थोडा थोडा धुँधलासा प्रकाश था, अंधेरा फैल रहा था और रस्सी टेढी-मेढी पडी थी, तभी उधर से कोई निकला, उसे भ्रम हुआ और वह भय से चिल्लाने लगा, साँप... साँप...! लोग दौडते आते है, वहाँ दीप जलाते है और वहाँ रोशनी होती है, प्रकाश फैलते ही रस्सी दिखाई देती है और साँप होनेका भ्रम मिट जाता है। अब सभी के चहरे पर हँसी दिखाई देती है, अरे, यह तो रस्सी थी और हमने साँप समज लिया। तात्पर्य यह कि रस्सी में साँप की भ्रांती हो गई थी पर प्रकाश फैलते ही भ्रांति दूर हो गई अर्थात भ्रांति का दूर होना ही सबसे बडी शांती है।

घर परिवार में भी एक दूसरे को न समजने की वजह से भ्रांतियां हो जाती है। जिससे बात कुछ होती है और समजा कुछ और जाता है और परिवारवाले एक-दूसरे से खिंचे खिंचे रहते है। अब ऐसे माहोल में शांती कैसे मिले ? जब सच्चाई का पता लगता है, वहेम दूर होता है तब शांती लौट आती है। यह सच्चाई सामने आती है ज्ञान से, समज से।

एक युवक रेल-यात्रा कर रहा था, वह आराम से बैठा था पर किसीसे सीधे मुँह बात भी करना, अपनी शान के खिलाफ समझ रहा था। तभी उसी डिब्बे में एक वृध्ध सज्जन आए। उस युवक के पास जगह थी पर वह अपने पास किसीको बैठने देना नहीं चाहता था। वृध्धने कहा-बेटे, जरा हमें भी बैठने की जगह दोगे ? उस युवक ने कहा - क्यों ? क्या दूसरे डिब्बे नहीं थे, जो इसमें सवार हो गये ? बडी मुश्किल से, दूसरे सज्जनों के कहेने पर उस युवक को खिसकना पड़ा और वृध्ध को बैठने की जगह देनी पडी। थोडी देर बाद बातचीत शुरू हुई, आप कहाँ के निवासी हो ? उस वृध्धने गाँव का नाम बताया। गाँव का नाम सूनते ही युवक ने उस गाँव के अपने दोस्त के बारे में पूछा (जहाँ वह जा रहा था) तब वृध्धने कहा-बेटे, तुम जिनके संबंध में पूछ रहे हो, मैं उनका दादा हुँ, उसी परिवार का एक बुजुर्ग सदस्य। अब तो वह युवक बडा लज्जित हुआ, बार-बार क्षमा माँगने लगा। वृध्धने कहा-कोई बात नहीं बेटे, भ्रांति की वजह से गलती हो जाती है पर वृध्धों का सम्मान करना चाहिए, तुमतो युवा हो, कहीं भी जा सकते हो, अब वह रास्ते भर वृध्ध की खिदमत करता रहा कभी पानी तो कभी चाय के लिए पूछता रहा !!

जीवन में शांती प्राप्त करने के लिए समय पर बोध की आवश्यक्ता होती है। संसार में अनेक प्रकार की वासनाएँ है जो हमें भ्रमित करती है, पर हम उन अन्धी गलियों में खो न जाए इस लिए प्रतिक्षण जागरूत रहे, विवेकशील रहे। महापुरुषों का स्मरण ही हम इस लिए करते है कि हम सजग रहें, उनका ज्ञान हमें प्रकाश देता रहे।

बालक पिटा जा रहा था, लेकिन उसके चहेरे पर अपराध का भाव न था। वह निश्चल खडा था, जैसे कुछ हुआ ही न हो ! महिला उसको पिटती जा रही थी, मर जा, तूं भी भंगी बन जा, तूने उसकी रोटी क्यों खाई ? बालक ने भोलेपन से कहा, माँ, मैं एक टुकडा उनके घर का खा कर क्या भंगी हो गया ? और नहीं तो क्या ? बालक ने कहा-वह भंगी बाबु हमारे घर में कितने सालों से रोटी खा रहा है, तो वह क्यों जैन नहीं हो गया ? माँ का उठा हुआ हाथ हवा में लहरा कर वापिस आ गया। वह अपने बेटे के सवाल का जवाब देने में असमर्थ थी। वह कभी बालक को तो कभी उसके हाथ में पकडी रोटी को देख रही थी।

सबसे बडी भ्रांति तब होती है, जब हम अपने शरीर को ही ''मैं'' मानकर, नाशवंत शरीर की खिदमत में दिन-रात बिताते है और जो शाश्वत है, हमारी आत्मा, उसके बारे में सोचते भी नहीं है, यह भ्रांति ही सारी गडबडी पैदा करती है। इस लिए यह आवश्यक है कि हम सम्यक द्रष्टि और सम्यक बोध प्राप्त करें। हमारी दूसरी भ्रांति है कि हमारे कोई भी दुःख के लिए हमें सामने वाला ही दोषित दिखता है, यहाँ ज्ञानी पुरूष हमें समजाते है कि हमारे जीवन के सुख-दुःख के लिए और कोई जिम्मेदार नहीं है, हम खुद है, हमारे ही कर्मो का फल है, हमारा ही हिसाब है, जो हमें मिल रहा है।

# GALA PICKLES

**સીઝન હોય કે ન હોય અમારે ત્યાં શુદ્ધ અને સાત્વિક રીતે તાજા ઘરે બનેલા કેરીના અથાણા અને ટમેટા ચટણી વગેરે અમારે ત્યાં બારે માસ મળશે.**

- કેરીનો અથાણો લસણ વાળો અને વગર લસણનો
- છુંદો, ગોળ કેરી, ટમેટા ચટણી, આથેલા મરચાં વગેરે મળશે
- થેપલા ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

Contact : **Sonal J. Gala - 9291336291**

(જા.ખ.)

# COMMERCIAL PROPERTY FOR SALE

Near Metro Station, 2nd Building from Main Road,
Chikkadpally, Hyderabad - 500 018.
900 Sq.ft. with Washroom and Two Shutters.
Ideal for Wholesale Business, Doctors Clinic etc.,

Contact : **Dhiren Shah - 9985933446**

Email : info@sigmacorporation.co.in

(જા.ખ.)

K. Madhu
994 965 1325

# MANA
## SERVICE CENTER

One Stop for Quality Service

HONDA
• Activa • Aviator
• Navi • Dio

• Maestro edge • Maestro
• Pleasure • Duet
Hero

Shop # : 3-5-1114/11, Kachiguda to YMCA Road, Beside Dargah Line,
Rajmohalla, Kachiguda X Road, Hyderabad - 500 027.

(જા.ખ.)

HONDA Activa
Hero Maestro edge
FREE BREAKS ADJUSTING
FREE MILEAGE SETTING
FREE R.P.M SETTING
* terms & condition apply

*Now at your Doorstep*
*Free pick up & Drop Facility*

**Mob. : 99496 51325**

(જા.ખ.)

# પ્રેમ, મહાન પ્રેમ !

સંકલન :– **ગીતા હંસકુમાર શાહ**
સૌજન્ય **''પ્રકાશ સમીક્ષા''**

ઘણા વખત પહેલાંની વાત છે. એક અતિ સુંદર ટાપુ પર બધી લાગણીઓ અને ગુણો સરસ મજાનાં ઘર બનાવીને રહેતાં હતાં. સુંદરતા, આનંદ, ઉદાસીનતા વગેરે એકબીજાની આજુ બાજુમાં રહેતાં હતાં. એ બધાથી દૂર સાવ છેવાડાના ઘરમાં પ્રેમ રહેતો હતો.

એક દિવસ સવારે એક પરીએ આવીને બધા ટાપુવાસીઓને કહ્યું કે તે દિવસે સાંજ સુધીમાં ટાપુ ડૂબી જશે. દરિયાને તળિયે બેસી જશે. બધી જ લાગણીઓ તેમ જ ગુણોએ પોતપોતાની હોડીઓ લઈને ટાપુ પરથી પ્રયાણ શરૂ કરી દીધું. ફક્ત પ્રેમ શાંતિથી આંટા મારતો હતો. જાણે એને જવાની કોઈ જ ઉતાવળ ન હોય એમ એ ફરતો હતો. બધાંને નવાઈ લાગી. પણ સૌ પોતપોતાની રીતે ભાગવાની પેરવીમાં હતાં. એટલે પ્રેમની પંચાત કરવા કોણ બેસે ? હકીકતમાં પ્રેમને આ ટાપુ પર ખૂબ જ વહાલ હતું. એ છેલ્લી ક્ષણ સુધી ટાપુની જોડે રહેવા માંગતો હતો.

જેમ જેમ સાંજ પડવા લાગી તેમ તેમ ધીમે ધીમે ટાપુ પાણીમાં ડૂબવા લાગ્યો. પ્રેમે ટાપુને ખૂબ જ વહાલ કર્યું. એની જમીનના કણે કણને એણે વહાલથી નવડાવી દીધો. આખો ટાપુ પ્રેમ પ્રેમ થઈ ગયો. હવે પાણી વધવા લાગ્યું. જ્યારે પ્રેમના ઘૂંટણ પાણીમાં ડૂબવા લાગ્યા ત્યારે એને થયું કે હવે ટાપુ છોડીને જવાનો સમય આવી ગયો છે. પણ પ્રેમ પાસે તો હોડી પણ નહોતી. મદદ માટે બૂમ પાડવી  તો કોને પાડવી ? બસ, તે જ વખતે ત્યાંથી સમૃદ્ધિની હોડી નીકળી. પ્રેમે પૂછ્યું કે, બહેન સમૃદ્ધિ ! તું મને તારી હોડીમાં જોડે લઈ જઈશ ? નહીંતર હમણાં જ હું ડૂબી જઈશ.... સમૃદ્ધિએ પોતાની હોડીમાં એક નજર નાખીને કહ્યું કે, માફ કરજો પ્રેમ! મારી આખી હોડી સોના, ચાંદી તેમજ હીરાઝવેરાતથી ભરેલી છે. એમાં તારા માટે ક્યાંય જગ્યા જ નથી ! આટલું કહીને  પ્રેમ તરફ બીજી નજર પણ નાખ્યા વિના સમૃદ્ધિ ચાલી ગઈ.

એની પાછળ પાછળ હોડીને લઈને આવતી સુંદરતાની હાથ હલાવીને પ્રેમે જોરથી બૂમ પાડી, હે સુંદરતા! તું મને તારી હોડીમાં લઈ જઈશ ? પોતાની જાત પર અને પોતાની હોડી પર મગરૂર એવી સુંદરતાએ કહ્યું, માફ કરજે પ્રેમ ! તું એટલો ભીનો છે કે મારી આ સુંદર હોડીને બગાડી નાખીશ. આમેય મને બધું સુંદર ચોખ્ખું જ ગમે છે તે તું પણ જાણે જ છે!! મને આ રીતે મારી જાતને કે હોડીને ભીની કરવામાં જરા પણ રસ નથી ! અને એ પણ આગળ ચાલી ગઈ. પાણી હવે કેડ સમાણું થઈ ગયું હતું. ત્યાં જ પ્રેમે ઉદાસીનતાની હોડીને પસાર થતી જોઈ. પ્રેમે બૂમ પાડી કે, અરે ! ઉદાસીનતા, મને તારી જોડે લઈ લે. મહેરબાની કરીને મને બચાવી લે. પણ ઉદાસીનતા તો જડસુ હતી. એ કહે, માફી માગું છું તારી ઓ પ્રેમ! હું એટલી બધી ઉદાસ છું કે તું મને એકલી જ રહેવા દે! એ પણ જતી રહી. ત્યાંથી પસાર થઈ રહેલ આનંદ તો નાચગાનમાં એવો મશગૂલ હતો કે એણે પ્રેમને જોયો પણ નહીં અને એનો અવાજ પણ ન સાંભળ્યો !! પાણી ગળા સુધી આવી ગયું. હતું. પોતે હવે સદાને માટે ડૂબી જશે એવો પ્રેમને ધ્રાસકો પડી ગયો. એ જોરથી રડવા માંડયો. ત્યાં જ એક ખૂબ જ પ્રેમાળ અવાજ આવ્યો : પ્રેમ ! રડ નહીં. ચાલ હું તને મારી હોડીમાં લઈ જાઉં!

પ્રેમે પાછળ જોયું તો એક ખખડધજ વૃદ્ધ માણસ પોતાની હોડી લઈને ઊભો હતો. એણે પ્રેમનો હાથ પકડીને એને પોતાની હોડી પર લઈ લીધો. પ્રેમ એ વખતે બરાબર ડૂબવાની તૈયારીમાં જ હતો. અચાનક ઊગરી જવાથી પ્રેમ થોડી વાર તો હતપ્રભ થઈ ગયો. એ કંઈ બોલી જ ન શક્યો. પેલા વૃદ્ધે તેને કિનારે

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

**મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)**
**ફીણીયા લાડુ**
**નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)**
**અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)**
**ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)**
**ગોળ પાપડી**
**ગોળીયા લાડુ**
**અડદિયા પાક (શિયાળુ પાક)**
**કોકોનેટ બિસ્કીટ**
**સાંગલીના ભડંગ**
**શીંગદાણાની ચટણી**
**સિકંદરના ખારી સીંગ**
**સિકંદરના ચણા**
**ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર**

---

***Contact***

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA - 89857 59320**

**PREMILA CHHEDA - 90146 66932**

(જા.ખ.)

**ઘરની બનાવેલ તલની ચિક્કી, શિંગદાણાની ચિક્કી, ફરસી પુરી,**
**ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**
**નીતા વીરા, બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૮૦**

ઉતાર્યો તો પણ એ કંઈ જ ન બોલ્યો. બસ મૂંગા મૂંગા પેલા વૃદ્ધનો તેણે આભાર માન્યો. પેલા વૃદ્ધે તેને કિનારે ઉતાર્યો તોપણ એ કંઈ જ ન બોલ્યો. બસ મૂંગા મૂંગા પેલા વૃદ્ધનો તેણે આભાર માન્યો. પેલો વૃદ્ધ માણસ તો પ્રેમને ઉતારીને પોતાના રસ્તે આગળ ચાલી ગયો. અચાનક પ્રેમને યાદ આવ્યું કે ડૂબી જવાની બીકમાં અને બચી જવાની ખુશીમાં પોતે પોતાને બચાવનાર વૃદ્ધનું નામ પૂછવાનું તો ભૂલી જ ગયો! આટલો નાનકડો શિષ્ટાચાર પણ પોતે ન દાખવી શક્યો એનો એને પારાવાર અફસોસ થવા લાગ્યો. એ દોડતો દોડતો જ્ઞાનના ઘરે ગયો. બારણું ખખડાવ્યું. જ્ઞાન બહાર આવ્યું. પ્રેમે એને બધી વાત કરી, પછી એ વૃદ્ધ માણસ કોણ કોઈ શકે તે પૂછ્યું. જ્ઞાને પોતાની આંખો બંધ કરી. થોડી વારે આંખ ખોલીને જ્ઞાને કહ્યું, તને બચાવનાર સમય હતો.

પ્રેમને નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું કે, હે જ્ઞાન જ્યારે કોઈ કરતાં કોઈ જ મને મદદ કરવા તૈયાર નહોતું ત્યારે ફક્ત સમયે જ મને શા માટે મદદ કરી ? જ્ઞાને ગંભીરતા પૂર્વક અને સદીઓના અનુભવના નિચોડ જેવો જવાબ આપ્યો ! કારણ કે ફક્ત સમય જ જાણે છે, સમજે છે અને સમજાવી શકે છે કે પ્રેમ કેટલો મહાન છે અને એનું મહત્વ શું છે!

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

મુંબઈનું પ્રખ્યાત નમકીન, ચીક્કી, ખાખરા હવે હૈદરાબાદમાં

સમ્રાટ સ્વાદ

ખાખરા (KHAKHRA)
ચીક્કી (CHIKKI)
ચીવડા (CHIWDA)
સેવ/ગાઠીયા (SEV/GATHIYA)
બટર ચકરી (BUTTER CHAKRI)

ફ્રી હોમ ડીલીવરી બડીચૌડી થી 2 km સુધી

સોયા વેફર (સ્ટ્રીપસ) (SOYA WAFER)
કેલા વેફર (BANANA WAFER)
બટેરા વેફર (POTATO WAFER)
સોયા કપસ અને સ્ટીક્સ (SOYA CUPS & STICKS)
ચીસ બોલ્સ (CHEESE BALLS)

તથા અન્ય ઘણી સ્વાદીષ્ટ વેરાયટી

હોમ મેડ ચોકોલેટ–HOME MADE CHOCOLATES, પાન મુખવાસમાં વેરાયટી – VARIETIES IN PAAN MUKHWAAS

WE TAKE ORDERS FOR : અમે કીટ્ટી, બર્થડે પાર્ટી, ગેટ-ટૂ-ગેધર માટે ઓર્ડરથી બનાવી આપીશું.

પાવ ભાજી–PAV BHAJI, બિર્યાની–BIRYANI, પુરણપોળી–PURAN POLI, સેંડવીચ ઢોકલા–SANDWICH DHOKLA, ઢોકલા–DHOKLA, ખાંડવી–KHANDVI, ઉંધીયાનું શાક તથા અન્ય શાકની વેરાયટી–TASTY CURRY'S

For Free Home Delivery or Shop at your home what's app or call : 09503565400 (Nitin K. Dand)

SAMRAT SWAAD

104, 1st Floor, Shyam Enclave, Opp. Canara Bank Badi Chowdi, Hyderabad. (T.S.)

(જા.ખ.)




# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last months Quiz :**

1. News paper delivery boy was the murderer because Wednesday & Thursday News papers were missing. It shows he knew that there is no one to read it.

2. पढाई जीवन का आधार है ।

Many have not answered first quiz. However congratulations. The persons who have given their answers are :

ARUNA SHAH
ANIL MOTA
BINDU NAGDA
BHAVIN NARENDRA MULJI GALA
CHAITALI SHAH
DHRUPTI HIMESHKUMAR DODHIA
FEMI GADA
HEENA VIJAY DEDHIA
HASTI MARU
HARSHAD DHAROD
HIRAVANTI KAMALKANT DEDHIA
HEMINA C. LODAYA
HARESH H. DEDHIA
JITENDRA BHOGILAL DHARAMSHI
JUGAL DILIP DEDHIA
KETAN MALDE
KRISHNA BHUPESH SANGHVI
KHYATI H. SHAH
L.D. SHAH, BIDADA (KUTCH)
- Koti Vraksha Abhiyan
NIRUPA BHARAT MARU
NITIN KARAMSHI DAND
NEENA DHAROD
MADHURI HENIYA
MAHENDRA VORA
POOJA KHIRESH LALKA
RUPAL SAVLA
SAURABH NITIN GADA
SAMEER M. GALA
VINODINIBEN VORA
VAIBHAV SANJAY LALKA
VINOD J. SHAH
YASHITA DEDHIA

**QUIZ QUESTIONS :**

Here are some questions for Bollywood film lovers. Following are the questions with answers given in options as ABCD Find out which is correct option and give your answers by SMS WHATSUP or in writing to the abovementioned mobile number. You can whatsup just 'A' to 'D' whichever is correct.

1) In "Chameli-ki-shadi" who was the actress with Anil Kapoor.
A) Hema Malini B) Sri Devi
C) Amrita Singh D) Madhuri Dixit

2) Which was the first Hindi Movie to receive National Award ?
A) Kabuliwalla
B) Do Aankhe Barah Hath
C) Mirz Ghalib
D) Anuradha

3) From where does Veeru proposes to Basanti in the movie Sholay ?
A) Top of Roof B) Top of Ladder
C) Top of Water Tank D) Top of Tree

4) Before becoming actor, Akshay Kumar worked as...
A) Clerk B) Reporter
C) Waiter D) Model

5) Which was the first film in which, Amitabh Bachan and Jaya Bhaduri worked together.
A) Milli B) Guddi
C) Ek Nazar D) Kabhi Kabhi

6) Aiswarya Rai was crowned Miss World in which year -
A) 1993 B) 1994
C) 1995 D) 1996

7) Tabu's real name is -
A) Shakeela Merchant
B) Taslim Khan
C) Tabakul
D) Tabassum Fatima Hashmi

8) Name of the Devanand's Production House which produced film JEWEL THIEF
A) Chetana Productions
B) Dev Features
C) Navketan Films

9) Who directed the classic comedy film RANG BERANGI
A) Hrishikesh Mukherjee
B) Kundan Shah
C) Gulzar
D) Sai Paranjape

Contd....

10) Who was the hero in film BAWARCHI
- A) Amol Palekar
- B) Rakesh Roshan
- C) Rajesh Khanna
- D) Dilip Kumar

11) On which actress was the song JHUMKA GIRA RE picturised -
- A) Meena Kumar
- B) Mala Sinha
- C) Suchitra Sen
- D) Sadhana

12) The song ALLAH MEGH DE PAANI DE RE is from which movie
- A) Virodh
- B) Padosan
- C) Khudah Gawah
- D) Guide

13) Which actor/actress used to play Badminton game in life
- A) Shahjahan Padamsee
- B) Kangana Raut
- C) Hrithik Roshan
- D) Deepika Padukone

14) Anil Kapoor shaved off his glorious moustache first time for which film ?
- A) Lamhe
- B) Tezab
- C) Mr. India
- D) Jooth Bole Kawwa Kate

15) Anil Kapoor recently appeared in Hair Dye advertisement, which hair dye ?
- A) Garnier
- B) Godrej Expert
- C) L'Oreal
- D) Revlon

Starts from 24th April

TARANG
Journey Towards Paragon

English Classes for Students from Class 7th to 10th material provided.

Contact : Anisha Dedhia - 9014236185

(જા.ખ.)

Summer is back !

Let your Kids learn some new exciting things this summer.

☛ Kids move on rocking beats
☛ Paint your imaginations
☛ build up creative items




DANCE CLASSES
Batch 1-4 yrs. to 9 yrs.
Rs. 500 per Song

Batch 2-10 yrs. to 15 yrs.
Rs. 800 per Song

DRAWING & PAINTING CLASSES
FEE Rs. 600 per month

CRAFT CLASSES (with material)
FEE Rs. 800 per month

Further details contact : SNEHA GALA
8309801146, 9573127202

(જા.ખ.)

શુભ    ॥ અનંત ચૌવિશી જીન નમો ॥    લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા ત્રીજી રવિવારે શ્રી મેડચલ માટે એક બસની વ્યવસ્થા છે. નકરો માત્ર રૂા. ૫૦/– તથા લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/– છે. આવા સુંદર આયોજનનું આપશ્રી જરૂરથી લાભ લેશે તથા અન્યને લાભ લેવા પ્રેરીત કરશો.

ખાસ આ મહિના પૂરતો મર્યાદિત શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન ચોથા રવિવાર, તા. ૨૩–૪–૨૦૧૭ના  છે તથા બે બસની વ્યવસ્થા છે. એક બસના લાભાર્થી શ્રી તૃષારભાઈ વિશનજી વોરા પોતાના માતૃશ્રી સ્વ. હર્ષાબેન વિશનજી વોરાના સ્મર્ણાથે લાભ લીધેલ છે. બીજા બસના લાભાર્થી શ્રીમતી સુશીલા દામજી સાવલા વર્ષીતપના પુર્ણાહુતીની ખુશાલીમાં લાભ લીધેલ છે બન્ને લાભાર્થીને પ્રોત્સાહિત કરવા તથા યાત્રાને એક ઉત્સવનું સ્વરૂપ આપવા જરૂરથી આ યાત્રામાં જોડાશો ભક્તીભાવપૂર્ણ આરાધના કરશો.

વિશેષ એપ્રિલ ૨૦૧૭ નો નિયાપોનો અંક આપશ્રીના હાથમાં આવશે ત્યારે શ્રી સંઘ આયોજિત સ્તવન હરીફાઈનું કાર્યક્રમ પૂરો થઈ ગયો હશે. લગભગ ૫૦ ઉપર સ્પર્ધકોએ આ સ્પર્ધામાં લાભ લીધેલ છે. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ સીટી કાચીગુડાનો પણ સુંદર સાથ સહકાર પ્રાત થયો છે. પારિતોષીકનાં દાતા છે શ્રીમતી લતાબેન મણીકાન્ત મોમાયા પરિવાર. સ્પર્ધાની વિગત આવતા અંકમાં પ્રકાશિત થશે.

શ્રી સંઘના એક કાર્યકર્તા શ્રી જયંત શાહ ફોન : ૯૯૬૩૪૦૫૦૦૦ અનુમોદનીય કાર્ય કરી રહ્યા છે. આપશ્રીના ઘરના જુના કપડા, જુના ફર્નિચર, રમકડા ભેગાકરી સ્લમ એરીયામાં વિતરણ કરે છે. જેથી ગરીબ વસ્તીના લોકોને ઘણીજ રાહત મળી રહી છે. એમના સતકાર્યને બિરદાવવા આપશ્રી પણ આપણા પાસે કંઈ આપવા જેવું હોય તો એમને બોલાવીને આપી શકો છો જેના માટે ફોનથી એમનો સંપર્ક કરશો.

દર રવિવારે જિનેશ્વરધામ મંદિરમાં જે બાળકો પુજા કરે છે તેમને શ્રી સંઘ તરકથી પ્રભાવના આપવામાં આવે છે એના માટે પણ લાભાર્થીઓની હોડ લાગી છે. આપશ્રી પણ આપના બાળકોના જન્મદિવસ અથવા અન્ય દિવસની ઉજવણી રૂપે આ યોજનાનો લાભ લઈ શકો છે. વધુ વિગત માટે સંચાલક શ્રીનો સંપર્ક કરશો. શ્રી સંઘના આજીવન સભ્ય પદની ઝુંબેશ પૂરજોશથી ચાલી રહી છે. જેનો લાભ જૈનેતર પણ લઈ રહ્યા છે, જૈન ધર્મની સુંદર અનુમોદના થઈ રહી છે.

શ્રી સંઘના સાધારણ ખાતાના ખર્ચને પહોંચી વળવા આપશ્રીને ખુલ્લા હાથે અનુદાન આપવાની શ્રી સંઘ અપિલ કરે છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**
**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**
**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**
**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**
(જા. ખ.)